**(૬૦)**

**પ્ર.૧ (ક) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૨૪)**

૧. સમણે **નિગ્ગંથે ફાસુય એસણિજ્જેણં અસણં પાણં ખાઈમં** સાઈમં

૨. કઓ **કાઈઓ વાઈઓ માણસિઓ ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો** અકરણિજ્જો

૩. જિણાણં **જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં** મોયગાણં

૪. અન્નત્થ **ઉસસિએણં નીસસિએણં ખાસિએણં છીએણં જંભાઈએણં ઉડ્ડુએણં** વાયનિસગ્ગેણં

૫. એવા બીજા **થૂલ મૃષાવાદ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા** ન સમાયરિયવ્વા

૬. જં કિંચિ **મિચ્છાએ મણ દુક્કડાએ વય દુક્કડાએ કાય દુક્કડાએ કોહાએ માણાએ** માયાએ

૭. સાડીકમ્મે **ભાડી કમ્મે ફોડી કમ્મે દંત વાણિજ્જે લક્ખ વાણિજ્જે કેસ વાણિજ્જે રસ વાણિજ્જે** વિસ વાણિજ્જે

૮. ચઉવ્વિહે **અણત્થા દંડે પન્નતે તં જહા અવજ્ઝાણાચરિયં પમાયાચરિયં હિંસપ્પયાણં** પાવકમ્મોવએસં

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. એવમાઈ એહિં | **ઈત્યાદિ** | ૨. મયલ | **અચલ–સ્થિર સ્વરૂપ** |
| ૩. ન સોહિયં | **શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય** | ૪. નિંદામિ | **આત્મસાક્ષીએ નિંદા કરું છું** |
| ૫. ચંદેસુ | **ચંદ્રમાઓથી પણ** | ૬. દગ | **સચિત્ત પાણી** |
| ૭. પઉમપ્પહં | **શ્રી પદ્મપ્રભ સ્વામી** | ૮. નમો આયરિયાણં | **આચાર્ય ભગવંતોને નમસ્કાર હો** |

**(ગ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૮)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. દર્શનના ધારક | **દંસણ ધરાણં** | ૨. સમ્યક્ પ્રકારે | **સમ્મં** |
| ૩. ત્રણ વાર | **તિક્ખુત્તો** | ૪. છીંક આવવાથી | **છીએણં** |
| ૫. પ્રસન્ન થાઓ | **પસીયંતુ** | ૬. સાવદ્ય, પાપકારી | **સાવજ્જં** |
| ૭. લોકના નાથ | **લોગનાહાણં** | ૮. બાધા–પીડા રહિત | **મવ્વાબાહ** |

**(ઘ) સામાયિકના દોષના આધારે લખો.** **(૩)**

૧. મનનો ૮ મો – **રોષ દોષ – સામાયિકમાં રાગ–દ્વેષના વિચાર કરવા.**

૨. વચનનો ૧૦ મો – **મુમ્મુણ દોષ – સ્પષ્ટ ઉચ્ચાર વિના ગુણગુણ બોલવું.**

૩. કાયાનો ૫ મો – **આલંબન દોષ – સામાયિકમાં ટેકો લઈને બેસવું.**

**(ચ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

| | જવાબ |
|---|---|
| ૧. શલ્ય કેટલા છે? કયા કયા? | **ત્રણ. માયા, નિદાન, મિથ્યાત્વ** |
| ૨. દેવતા અને કંથવાને કેટલી ઈન્દ્રિય હોય? | **પાંચ અને ત્રણ** |
| ૩. આપણને આઠ દાન કોણ આપે છે? | **તીર્થંકર ભગવાન** |
| ૪. સામાયિકમાં છ અથવા આઠ કોટિએ કોણ પચ્ચકખાણ કરે? | **શ્રાવક** |
| ૫. ગુણ સ્તુતિ અને ઉત્કીર્તનનો પાઠ કયો છે? | **નમોત્થુણં અને લોગસ્સ** |
| ૬. પાવાણં કમ્માણં એટલે શું? તે કેટલા છે? | **પાવાણં–પાપ ૧૮, કમ્માણં–કર્મ ૮** |
| ૭. સામાયિકમાં સેલવાળી ઘડિયાળ કે ઓટોમેટીક ઘડિયાળ પહેરાય? | **સેલવાળી–ના, ઓટોમેટીક–હા** |
| ૮. વ્રતભંગ માટે તૈયાર થવું તે પાપનું કયું પગથિયું છે? તેને શું કહેવાય? | **ત્રીજું, અતિચાર** |

૯. સામાયિકમાં કઈ કઈ સંજ્ઞાથી દૂર રહેવું જોઈએ?

**જ. આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા.**

૧૦. તીર્થંકરો સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનારા કઈ રીતે?

**જ. સૂર્ય તો મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે, જ્યારે તીર્થંકરો પોતાના કેવળજ્ઞાનથી બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને પ્રકાશિત કરે છે.**

**(છ) ખાલી જગ્યા પૂરો.** **(૭)**

| | જવાબ |
|---|---|
| ૧. સામાયિકમાં ....... નો ત્યાગ કરવામાં આવે છે. | **સાવદ્યયોગ** |
| ૨. પહેલું નમોત્થુણં ....... ને કરવામાં આવે છે. | **સિદ્ધ ભગવાન** |
| ૩. વિરાધનાના પ્રકાર ....... છે. | **૧૦** |
| ૪. ....... એટલે શરીરને સ્થિર રાખવું. | **કાઉસ્સગ્ગ** |
| ૫. જૈન સાધુની સામાયિકને ....... કહેવાય. | **દીક્ષા** |
| ૬. ....... એટલે કાયાથી પંચાંગ નમસ્કાર કરવા. | **વંદિય** |
| ૭. ....... એટલે લીધેલા વ્રતને તોડવાની ઈચ્છા કરવી. | **અતિક્રમ** |

**(૨૦)**

**પ્ર.૨ (ક) સંસ્કાર વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

| | જવાબ | |
|---|---|---|
| ૧. આત્માને કોણ જોઈ શકે છે? | **અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાન** | (૧×૮) |
| ૨. આ દુનિયા શેનાથી ભરેલી છે? | **દુઃખ, રોગ, ક્લેશ, અશાંતિ, ચિંતા, ઉપાધિઓથી** | |
| ૩. શ્રદ્ધા અને વિનય માટે કોને યાદ કરવાના છે? | **શ્રદ્ધા–અમરકુમાર અને વિનય–ગૌતમ સ્વામી** | |
| ૪. ક્યાં અને શું કરવાથી આત્મા અમર બને છે? | **મોક્ષમાં અને ધર્મથી** | |
| ૫. કોનાથી ફૂલી ન જવું અને કોનાથી ડરી ન જવું? | **સુખ અને દુઃખ** | |
| ૬. આપણે મોટા થઈને શું કામ કરશું? | **મહાન કામો, આત્મ ઉદ્ધાર, જગતનું કલ્યાણ** | |

૭. પૂ.સાધુ–સાધ્વીજી ગોચરી માટે પધારે ત્યારે શું કરવું?

**જ. પધારો, પધારો કહી ૭–૮ ડગલા આગળ જવું તેમ જ ગોચરીના ઘર બતાવવા લઈ જવું.**

૮. બધાની કઈ વાત હું માની લઉં છું?

**જ. માતા, પિતા, શરીર, ધન બધું મારું છે એવું બધા કહે છેજે હું માની લઉં છું.**

૯. જ્ઞાનવૃદ્ધિના બોલ કેટલા છે? ૨,૪,૬ બોલ લખો. (૨×૨)

**જ. ૧૧, ૨ – ઊંઘ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. ૪ – મૌન રાખીન અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. ૬ – ગુરુનો વિનય કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

૧૦. બીજો અને ચોથો અભિગમ લખો.

**જ. બીજો અભિગમ – અચેતનો વિવેક – જેમાં જીવ ન હોય તેને અચેત કહે છે, તેવા છત્રી, લાકડી, ચંપલ આદિ અચેતનો ત્યાગ કરી ગુરુ પાસે જવું.**

**ચોથો અભિગમ – ઉત્તરાસંગ – મોઢે મુહપત્તિ બાંધવી કે રૂમાલ રાખવો, ખુલ્લા મોઢે બોલવું નહિ.**

**(ખ) જોડકા જોડો.** **(૫)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. નંદીષેણ | ૧. રોગ | **૩. સેવા** |
| ૨. અંજલિકરણ | ૨. અભિગમ | **૨. અભિગમ** |
| ૩. મોક્ષ | ૩. સેવા | **૫. આનંદ** |
| ૪. ડૉક્ટર | ૪. નાશવંત | **૧. રોગ** |
| ૫. સંધ્યાના રંગ | ૫. આનંદ | **૪. નાશવંત** |

**(ગ) હું કોણ છું? મને ઓળખો.** **(૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. હું અરૂપી અને અમર છું. | **આત્મા** |
| ૨. આના જેવો ત્યાગ કરવો છે. | **શાલિભદ્ર** |
| ૩. મારો વિનય કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. | **ગુરુ** |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. વસુમતીને ભરબજારમાં વેચાતી જોઈને કોણે ખરીદી? શા માટે?

**જ. ધનાવહ શ્રેષ્ઠિએ કારણ કે તેમણે વિચાર્યું કે આ કન્યા કોઈ ઉચ્ચ ખાનદાનની છે, નકામી કોઈ લંપટના હાથમાં જશે, તેના કરતા મારી પત્ની મૂળાને એ કામમાં આવશે.**

૨. પાર્શ્વકુમારે નાગને શું સંભળાવ્યું? નાગ ક્યાં ઉત્પન્ન થયો? શા માટે?

**જ. નવકારનો પાઠ. ભવનપતિ નામના દેવોના ઈન્દ્ર ધરણેન્દ્ર તરીકે ઉત્પન્ન થયો કારણ કે નાગનું ધ્યાન નવકારમાં તલ્લીન બન્યું.**

૩. નંદીષેણ દીક્ષા લીધા પછી કોની સેવા કરતા હતા? તેમના વખાણ કોણે કર્યા?

**જ. ઘરડા, અપંગ, રોગિષ્ઠ કોઈપણ મુનિ હોય તેમની સેવા આનંદ અને ઉમંગથી કરતા હતા. દેવલોકના ઈન્દ્રએ.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. હું આપને મારા ખભા પર બેસાડીને લઈ જઈશ.

**જ. નંદીષેણ મુનિ રોગી સાધુને કહે છે.**

૨. ત્રણ લોકના નાથને કષ્ટ આપીને શા માટે તું પાપકર્મોથી ભારે બની રહ્યો છે?

**જ. ધરણેન્દ્ર દેવ મેઘમાળી દેવને કહે છે.**

૩. આ તો મારી ભાણેજ વસુમતી.

**જ. રાણી મૃગાવતી પોતે બોલે છે.**

૪. મરવાનો ઉપાય કરું છું.

**જ. છોકરો (નંદીષેણ) સંત મુનિરાજને કહે છે.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. મારા **જીવનની નૌકા કેરું, તુજ હાથે સુકાન છે, ચાહે ડુબાડે કે તું તારે , પરવશ મારા પ્રાણ છે... લોકો કહેતા આગળ ના વધશો, સાગરમાં તુફાન** છે.

૨. મને વિદ્યા **દેનારા ગુરુને મેં શું આપ્યું; દક્ષિણા દેવાનું, મેં યાદ નથી રાખ્યું (૨) કદી ભેટો થઈ જાતા, હું મોં** સંતાડું છું.

૩. જે સુખ **પામ્યા કર્મ પ્રતાપે, ઝાઝું ગણીને રહીશું સુખેથી, યત્ન કરશું પણ ના ફળે તો, માંગણી કોઈ ના કરીશું મુખેથી, લઈ લેવાની (૨) જો દાનત જાગે, તો દાનવૃત્તિમાં અમે** વાળવાના.

૪. સાધુઓ **સત્તાવીશ ગુણોથી શોભતા, સદ્ગુણોના ભંડાર... સંસારના સુખો સર્વ ક્ષણિક છે, ધર્મમાં શાંતિ અપાર... નમસ્કાર હો એવા પ્રભુને, તેમના વિના નહિ** ઉદ્ધાર.